C-15

# જામનગર મહાનગરપાલિકા
## જામનગર

:: જાહેર નોટીસ ::

તા. ૦૬/૦૫/૨૦૧૯.

હું સતીશ એ. પટેલ (IAS) મ્યુનિસીપલ કમિશ્નર, જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન, જામનગરને ધી. જી.પી.એમસી. એકટ–૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સતા અન્વયે આથી સબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જણાવું છું કે,

જામનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શહેરના નાગરિકોના આરોગ્યની સુખાકારી તથા તંદુરસ્તી અને સ્વચ્છતાના હેતુસર વાણિજીક તથા રહેણાંક ઘરેલું ઉત્પનન થતા કચરાના યોગ્ય નિકાલ માટે અને સરકારશ્રીના સંપૂર્ણ સ્વચ્છ ભારતના અભિયાન સાર્થક બને તે હેતુસર જામનગર શહેરમાં કચરો ઉત્પન્ન કરનાર તમામ મિલ્કત ધારકોએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ અંતર્ગત "પબ્લીક હેલ્થ બાયલોઝ–૨૦૧૮" અનુસંધાને નીચે મુજબની અમલવારી કરવાની રહેશે.

(૧) તમામ આસામીઓએ ભીનો તથા સુકો કચરો અલગ અલગ રીતે વર્ગીકૃત કરવાનો રહેશે અને મ.ન.પા. ના ડોર ટુ ડોરના વાહનમાં જ અલગ અલગ આપવાનો રહેશે.

(૨) બાંધકામ અને પાડતોડનો કચરો (કેરણ) પોતાની માલિકીની જગ્યામાં સંગ્રહ કરવાનો રહેશે અને કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ અન્વયે પોતાના સ્વખર્ચે નિયત ડમ્પીગ સાઈટ ખાતે નિકાલ કરવાનો રહેશે.

(૩) બાગાયત ખેતી સંબંધિત અને બગીચાનો વેસ્ટ પોતાની માલિકીની જગ્યામાં અલગથી સંગ્રહિત કરવાનો રહેશે અને મ.ન.પા. ના ડોર ટુ ડોરના વાહનમાં ભીના કચરા સાથે અલગથી આપવાનો રહેશે.

(૪) ઉત્પન્ન થયેલ કચરો રોડ, રસ્તા કે શેરીઓમાં, ઘરની બહાર ખુલ્લા જાહેર સ્થળો, ગટરો કે કેનાલો, તેમજ નદી કે તળાવમાં ફેંકવાનો રહેશે નહી. તેમજ કચરાને કોઈપણ સંજોગોમાં બાળવાનો રહેશે નહી તથા અન્ય રીતે પણ નિકાલ કરવાનો રહેશે નહી.

(૫) ૧૦૦ અથવા તેનાથી વધારે વ્યકિતઓના સમુહ એકત્ર થવાના હોય તેવા જાહેર કે ખાનગી જગ્યાએ કોઈપણ પ્રકારનો કાર્યક્રમ કરવાનો થાય તો તેઓએ ઓછામાં ઓછા ૩ દિવસ પહેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, મહાનગરપાલિકાની લેખિતમાં મંજુરી મેળવવાની રહેશે. તેમજ તેઓએ સ્થળ પર જ ભીનો તથા સુકો કચરો વર્ગીકૃત કરી, મ.ન.પા. એ નિયત કરેલ એજન્સીને આપવાનો રહેશે.

(૬) દરેક શેરી વિક્રેતાએ (સ્ટ્રીટ વેન્ડર) પોતાની કામગીરી દરમ્યાન ઉત્પન્ન થયેલ કચરો જેમ કે ખોરાકનો કચરો, ડીસ્પોઝેબલ પ્લેટ/કપ/કેન/રેપર્સ, નાળીયેરના છીલકા, વધવા પામેલ ખોરાક, શાકભાજી, ફળો વિગેરે માટે સુકા અને ભીના કચરા, રેપર્સ અલગ અલગ કન્ટેઈનર્સ કે ડસ્ટબીન્સની સુવિધા રાખવાની રહેશે તથા મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ, કચરા સંગ્રહ ડેપો, કન્ટેઈનર અથવા મહાનગરપાલિકાના વાહનોમાં આપવાનો રહેશે.

(૭) સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ના નિયમોના તા.૧૫/૦૯/૨૦૧૮ ના જાહેરનામું પ્રસિધ્ધ થયાના એક વર્ષમાં એટલે કે તા.૧૪/૦૯/૨૦૧૯ સુધીમાં ૫૦૦૦ ચો.મીટર કે તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતા રહેણાંક વિસ્તારો, કોમર્શિયલ વિસ્તારો અને ઔદ્યોગિક વિસ્તારો તેમજ હાઉસીંગ કોલોની–માર્કેટીંગ એસોશિએશન, તેમજ હોટલ અને રેસ્ટોરન્ટસ, તેમજ જ્ઞાતિ/સમાજની વાડીઓ વિગેરેએ મહાનગરપાલિકા સાથે લોકભાગીદારીથી કચરાને વર્ગીકૃત કરવા અને વર્ગીકૃત કરેલ કચરાને અલગ અલગ પાત્રમાં સંગ્રહ કરવા તથા સુકા રીસાયકલેબલ કચરાને અધિકૃત કરેલ કચરા વીણનાર કે અધિકૃત રીસાયકલરને સોંપવાનો રહેશે. તેમજ ભીના કચરાને પોતાના પરિસરમાં બાયો–મિથેનાઈઝેશન અથવા કમ્પોસ્ટીંગ કરી નિકાલ કરવાનો રહેશે. તેમજ વધવા પામેલ કચરો મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ એજન્સીને આપવાનો રહેશે.

આ જાહેર નોટીસનું ઉલ્લંઘન કરનાર સામે ધી. જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ ૩૭૬/A હેઠળ તેમજ બાયલોઝની જોગવાઈ હેઠળ પગલા લેવામાં આવશે અને જરૂર જણાયે C.R.P.C ની કલમ–૧૩૩ હેઠળ જાહેર ન્યુસન્સ ઉભુ કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે જામનગર મ્યુનિસીપલ કોર્પોરેશન ધ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં.જેએમસી/સો.વે./૩૮/પી.એચ.બી/૬૬૪/૨૦૧૯–૨૦. તા.૦૬/૦૫/૨૦૧૯.

E:\Public Notice\Public Notice_2019.doc

Scanned by CamScanner